# દ્વિતીય લેખિત કસોટી : એપ્રિલ-૨૦૧૮

તારીખ : ૦૯/૦૪/૨૦૧૮ ધોરણ-૬ સમય : ૮:૦૦ થી ૧૧:૦૦
વાર : સોમવાર વિષય : ગુજરાતી કુલ ગુણ : ૮૦

વિદ્યાર્થીનું નામ : ______________________ બેઠક નંબર : ______

સૂચના : (1) પ્રશ્નોના જવાબ અલગ ઉત્તરવહીમાં લખવાના રહેશે.

**પ્રશ્ન-1 (અ) નીચે આપેલા પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો.** (6)

(1) 'આલાલીલા વાંસડિયા' કાવ્યનો પ્રકાર કયો છે ?

(અ) ખંડકાવ્ય (બ) સોનેટ (ક) લોકગીત (ડ) ભજન

(2) બંને મિત્રોએ ફિલ્મ જોવાનું ક્યારે નક્કી કર્યું હતું ?

(અ) સોમવારે (બ) રવિવારે (ક) બુધવારે (ડ) શનિવારે

(3) 'રાવણનું મિથ્યાભિમાન' કાવ્યના કવિ કોણ છે ?

(અ) રઘુવીર ચૌધરી (બ) રાજેન્દ્ર શાહ
(ક) ઉમાશંકર જોશી (ડ) ગિરધર

(4) 'ઇડરિયો ગઢ' જોવા ક્યાં જવું પડે ?

(અ) ઇડરના ડુંગરા (બ) પાવાગઢ (ક) ગબ્બર (ડ) ગિરનાર પર્વત

(5) કચ્છનું ધોળાવીરા ગામ શાના માટે પ્રખ્યાત છે ?

(અ) જૂના અવશેષો (બ) ભરતગૂંથણ
(ક) સફેદ રેતી (ડ) બંદર વિકાસ

(6) 'વૃથા ગુમાવે તોલ, બહુ બોલીને દેડકાં' - આ પંક્તિમાં તોલ શબ્દનો અર્થ....

(અ) ભલાઇ (બ) ફોગટ (ક) કિંમત (ડ) મીઠાશ

**(બ) નીચે આપેલ વિભાગ 'અ' ને વિભાગ 'બ' સાથે યોગ્ય રીતે જોડો.** (5)

| 'અ' | 'બ' |
|---|---|
| (1) એક જાદુઇ પત્રની વાર્તા | (ક) રઘુવીર ચૌધરી |
| (2) સારા અક્ષર | (ખ) ઊર્મિગીત |
| (3) સાગરકાંઠાનો પ્રવાસ | (ગ) સંવાદ |
| (4) માતૃહૃદય | (ઘ) હાસ્યકથા |
| (5) ગુજરાત મોરી મોરી રે | (ચ) કનૈયાલાલ રામાનુજ |

Scanned by CamScanner

(ક) **નીચે આપેલ કાવ્યપંક્તિ પૂર્ણ કરો. (ગમે તે એક)** (4)

(1) વાંસળીએ કાંઇ હંસ, ..................

..........................................

..........................................

........................ હીરલા રે લોલ.

(2) સાબરના મર્દાની ........................

..........................................

..........................................

............................ મોરી મોરી રે

**પ્રશ્ન-2 (અ) નીચે આપેલા પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ લખો. (ગમે તે ત્રણ)** (6)

(1) 'આલાલીલા વાંસડિયા' કાવ્યમાં કયા-કયા પક્ષીઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે?

(2) નર્મદા નદીનું બીજું નામ શું છે ?

(3) સિંહણ બાળકથી કેટલી દૂર હતી ?

(4) પત્ર લખતી વખતે તમે તમારું સરનામું કઇ બાજુ લખશો ?

**(બ) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં જવાબ લખો. (ગમે તે બે)** (8)

(1) 'આલાલીલા વાંસડિયા' ગીતના આધારે વાંસળીનું વર્ણન કરો.

(2) પત્ર જાદુઇ કેમ લાગ્યો ?

(3) રાવણને પોતાનાં કયા-કયા પરાક્રમોનું અભિમાન હતું ?

**(ક) નીચે આપેલ વિધાનોનાં કારણો આપો. (ગમે તે ત્રણ)** (6)

(1) શિકાર માટે ગયેલી સિંહણ શિકાર કર્યા સિવાય પાછી ફરી કારણ કે .....

(2) સાહેબ બધાને મેહુલની નોટ બતાવે છે કારણ કે .......

(3) બાલ્કનીમાં મેનેજરે બે એક્સ્ટ્રા ચેર્સ મૂકાવી કારણ કે .......

(4) રાવણ ધનુષ્ય નીચે દબાઇ ગયો કારણ કે .......

**પ્રશ્ન-3 સૂચના પ્રમાણે કરો.**

**(1) નીચે આપેલા રૂઢિપ્રયોગનો અર્થ આપી તેનો વાક્યમાં પ્રયોગ કરો. (ગમે તે બે)** (2)

(1) પ્રાગટ ફૂટવું (2) દિલનો ટુકડો હોવું

(3) વાતોનાં વડા કરવા

**(2) નીચેના વાક્યમાંથી ક્રિયાવિશેષણ ઓળખીને લખો. (ગમે તે બે)** (2)

(1) હંસો નિરાંતે બેઠાં-બેઠાં થાક ખાય છે.

(2) બાળકે તેને વહાલપૂર્વક ગોદમાં તેડી લીધું.

(3) અમે બિલ્લીપગે આગળા ઉઘાડ્યા.

Scanned by CamScanner

**(3) નીચેના વાક્યોમાંથી નામપદ ઓળખીને લખો.** (2)

(1) કનુ શરમાઈ ગયો.

(2) સીતાએ શિવને પ્રાર્થના કરી.

(3) પહેલવાન હસી પડ્યો.

**(4) નીચે આપેલા શબ્દસમૂહ માટે એક શબ્દ લખો. (ગમે તે બે)** (2)

(1) કન્યા પોતે વર પસંદ કરે તે માટેનો સમારંભ.

(2) ચારે બાજુ પાણીથી વીંટળાયેલી જમીન.

(3) ચારે દિશાઓમાં વિજય.

**(5) નીચે આપેલા વાક્યોના પ્રકાર ઓળખીને લખો. (ગમે તે બે)** (2)

(1) એમાં શાહી કે રિફીલ કેવી રીતે ભરાય ?

(2) માનવ હોય કે પશુ-માતૃહૃદય તો સૌનાં સરખાં !

(3) ઘંટ વાગતાં ચર્ચા અટકી.

**(6) નીચેના વાક્યોમાંથી ક્રિયાપદ શોધીને લખો. (ગમે તે બે)** (2)

(1) સોમનાથે એમની ડાયરી ખોલી.

(2) મેં વાડીમાં કોબીજ વાવી છે.

(3) થિયેટર પર હાઉસફૂલનું પાટિયું ઝૂલતું હતું.

**(7) નીચે આપેલા શબ્દોનાં સમાનાર્થી શબ્દો લખો. (ગમે તે એક)** (1)

(1) સમંદર (2) ભોમ

**(8) નીચેનાં શબ્દોની જોડણી સુધારીને લખો. (ગમે તે બે)** (2)

(1) ભૂજીયો (2) નીરંજન (3) સમીતી

**પ્રશ્ન-4 (અ) નીચે આપેલ મુદ્દા પરથી વાર્તા લખી યોગ્ય શીર્ષક આપો.** (5)

એક ખેડૂત – ચાર દીકરા – ચારે દીકરા આળસુ – ખેડૂતની ચિંતા – ખેડૂતની માંદગી – ચારે દીકરાઓને બોલાવવા – 'ખેતરમાં રૂપિયા ભરેલા ચરુ છે' એમ કહેવું – અવસાન – દીકરાઓએ ખેતર ખોદી કાઢવું – રૂપિયા ન મળવા – બી વાવવાં – સારો પાક થવો – બોધ.

**અથવા**

**તમારા મિત્રને જન્મદિવસની શુભેચ્છા પાઠવતો પત્ર લખો.**

**(બ) નીચે આપેલા વિષયો પૈકી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.** (10)

(1) મારા પ્રિય નેતા

(2) મા તે મા

(3) ગરવી ગુજરાત

Scanned by CamScanner

**પ્રશ્ન-5 (અ) નીચે આપેલ ફકરો વાંચીને પ્રશ્નોના જવાબ લખો.** (5)

મીનીના બાપ મોટા પંડિત હતા. મીની એટલે બિલાડી નહિ, પણ એક છોકરીનું નામ. તે છોકરીની આંખ માંજરી હતી, એટલે તેની ફોઇએ તેનું નામ મીની પાડ્યું હતું.

મીનીના બાપ પંડિત હોવાથી મોટા-મોટા પોથાં ઉથામે, મોટાં-મોટાં થોથાં લખે, આખો દહાડો એમાંથી પરવાર જ ન મળે ! સાંજ થાય અને મીની એની બાને કહે : 'બા, એક વાર્તા કહે.'

**પ્રશ્નો :**

(1) મીનીના બાપાનો વ્યવસાય શું હતો ?

(2) મીની કોનું નામ હતું ?

(3) મીનીની આંખો કેવી હતી ?

(4) મીનીનું નામ કોણે પાડ્યું હતું ?

(5) રોજ સાંજે મીનીને વાર્તા કોણ કહેતું હતું ?

**(બ) પાત્રાલેખન કરો. (ગમે તે બે)** (4)

(1) સીતા

(2) રાવણ

(3) માલધારી સ્ત્રી

**(ક) નીચે આપેલા પ્રશ્નોનાં જવાબ લખો. (ગમે તે ત્રણ)** (6)

(1) બાળક પોતાની સાથે નથી એવી માતાને ક્યારે ખબર પડી ?

(2) કચ્છમાં કયા-કયા ડુંગરો આવેલાં છે ?

(3) ગાંધીજીએ અક્ષરો વિશે શું કહ્યું છે ?

(4) ગીતમાં 'મોતીડાં' શબ્દ કોના માટે વપરાયો છે ? શા માટે ?

---

Scanned by CamScanner